લેખાંક-૧૫

# વિદેહ અમરત્વ - વ્યાસપુત્ર શુકદેવજી

અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

અગાઉના લેખમાં સમજ્યા તેમ શુકદેવજીનો શુક (પોપટ) તરીકે જન્મ રાધાજીના નિકુંજમાં થયો અને આ નિકુંજમાં રહી તેઓ હંમેશાં રાધે-રાધે નું રટણ કરતા હતા. રાધાજીએ તેમને રાધે-રાધે નહિ પણ કૃષ્ણ-કૃષ્ણ બોલવા માટે સમજાવ્યું. હવે આ શુક કૃષ્ણ-કૃષ્ણનું રટણ કરવા લાગ્યો. રાધાજી સાથે આ નિકુંજમાં નિત્ય ક્રીડા કરતા પ્રભુને, શુકનું આ રટણ ગમ્યું તો ખરું, પરંતુ તેમના ચહેરા પર ઉદાસી આવી ગઈ. રાધાજીએ, શ્રીકૃષ્ણના આવા ઉદાસ ચહેરાને નિહાળ્યો અને તેમની પ્રસન્નતા માટે, આ શુકને તેમના હાથમાં સોંપ્યો. બીજા શબ્દોમાં કહીએ તો રાધાજીએ આ શુકનું બ્રહ્મ સાથે મિલન કરાવ્યું પરંતુ ભગવાન શ્રીકૃષ્ણના ચહેરા પર છવાયેલી ઉદાસીમાં કોઈ ફર્ક નહિ પડ્યો અને ત્યારે જ નારદમુનિનું આગમન થયું. તેઓએ શ્રીકૃષ્ણને પૂછ્યું કે, ‘‘ભગવાન આપ ઉદાસ કેમ દેખાવ છો?’’ ત્યારે ભગવાને ખુલાસો કર્યો કે આ શુકના કારણે હવે બધા જ કૃષ્ણ-કૃષ્ણ બોલવા માંડયા છે. હવે રાધે-રાધે કોઈ બોલતું નથી અને નારદજી મને તો પ્રસન્નતા માત્ર રાધે-રાધેના નામથી જ મળે. આ સાંભળી રાધાજીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. અંતરમાં સુખદ લાગણી ઉભરાઈ આવી અને તેમણે ‘શુક’ ને કહ્યું કે હવેથી તારે રાધે-રાધે એ જ નામનું રટણ કરવાનું કારણ કે શ્રીકૃષ્ણની ઉદાસી હું સહન કરી શકીશ નહિ અને કદાચ તે સમયથી જ રાધાનું નામ હંમેશાં કૃષ્ણ પહેલાં લેવાય છે તેવી લોકવાયકા છે. આજે પણ વૃંદાવન અને બરસાનામાં જ્યાં જાવ ત્યાં રાધે-રાધેના નામનું જ રટણ થાય છે. તુલસીદાસજી પણ વૃન્દાવનમાં ગયા ત્યારે અનુભવ્યું કે અહીં લોકો રાધાજીના નામનું જ ઉચ્ચારણ કરે છે અને ત્યારે તેમણે નિશ્ચય કર્યો કે જગતમાં રાધાજીનું નામ જ સર્વોપરી છે. હકીકતમાં રાધાજી, સીતા એક જ છે જે મૂળ પ્રકૃતિ રૂપે બ્રહ્મ શ્રીકૃષ્ણ અથવા શ્રીરામનું અર્ધું અંગ છે અને તેઓ જ લક્ષ્મી-નારાયણ રૂપે આ જગતનું



પાલનપોષણ કરે છે.

રાધાજીએ જ્યારે શુકને એટલે કે આપણી ચર્ચાના શુકદેવજીને ભગવાન શ્રીકૃષ્ણના હાથમાં સોંપ્યા, એ ક્ષણ શુકદેવજીના બ્રહ્મમિલનની ક્ષણ હતી. અગાઉના અનેક જન્મોના સંચિત કર્મોનું એ ફળ હતું. પ્રભુ સાથે મિલન કરાવે તેને સામાન્ય અને લૌકિક અર્થમાં આપણે ગુરુ કહીએ છીએ. આ રીતે સમજીએ તો રાધાજી શુકદેવજીના ગુરુ બન્યા. આ અગત્યનું વાક્ય યાદ રાખજો આપણે હવે પછીના લેખોમાં આનું રહસ્ય સમજશું.

હવે આ બીજી કથામાં રહેલા શુકદેવજીના જીવનનો ત્રીજો તબક્કો સમજીએ. બ્રહ્મ સાથે તેમનું મિલન તો થઇ ગયું પરંતુ તેમના અમરત્વની કથાની શરૂઆત અહીંથી થાય છે.

એક વખત સૃષ્ટિના રચયિતા બ્રહ્માજીએ એક ધર્મસભા બોલાવી, જેમાં દરેક દેવોને, ઋષિઓને આમંત્રણ આપવામાં આવ્યું. દરેક દેવો, ઋષિઓ આ સભામાં હાજર રહ્યા. આ ધર્મસભાની ચર્ચામાં એક રસદાયક પ્રશ્ન પુછાયો, કે આ સૃષ્ટિમાં દેવો

**શું શિવજી મને સહુથી અધિક પ્રેમ નથી કરતા? અને જો કરતા હોય તો પછી આજ દિન સુધી મને આ કથા સંભળાવી કેમ નથી? આ કથામાં એવું તે શું રહસ્ય છે? આ કથા શિવજીએ કોને કોને સંભળાવી છે?**

તથા મનુષ્યોને જીવવા માટે સહુથી જરૂરી વસ્તુ શું છે? આ સવાલનો જવાબ બધા પોતપોતાના જ્ઞાન પ્રમાણે આપવા માંડયા પરંતુ સભાપતિ બ્રહ્માજીને કોઈ જવાબથી સંતોષ ન થયો. એમણે પોતાનો મત દર્શાવતા જણાવ્યું કે આ સૃષ્ટિમાં જીવવા માટે સહુથી જરૂરી જો કોઈ તત્ત્વ હોય, તો તે છે ‘નિઃસ્વાર્થ પ્રેમ’. આનો અર્થ સ્પષ્ટ હતો કે દરેક મનુષ્યે અંગત સ્વાર્થ રાખ્યા વગર પ્રેમથી જીવનનિર્વાહ કરવો જોઈએ અને એમનો આ મત સ્પષ્ટ કરવા માટે આપેલા ઉદાહરણમાં બ્રહ્માજીએ કહ્યું કે આવો નિઃસ્વાર્થ પ્રેમ શિવજી અને પાર્વતીજીમાં જોવા મળે છે. જયારે આ વાત બ્રહ્માજીએ કહી ત્યારે ત્યાં હાજર રહેલા નારદજીએ બ્રહ્માજીને નમ્રતાપૂર્વક કહ્યું કે હું આપની વાત સાથે સંમત નથી. આપ કહો તો હું શિવજી અને પાર્વતીજી વચ્ચે ઝગડો કરાવી આપું તેમ છું. ત્યારે બ્રહ્માજીને આશ્ચર્ય થયું અને નારદજીને કહ્યું કે આપ જો મારી વાત નહિ માનતા હો અને શિવજી-પાર્વતીજી વચ્ચે ઝગડો કરાવી શકતા હો તો આપની વાત સાબિત કરી આપો. નારદજીએ આ માટે સમય માંગ્યો અને અહીં ધર્મસભા સમાપ્ત થઇ.

બીજી બાજુ નારદજી એવી તકની રાહ જોઈ રહ્યા હતા કે જયારે પાર્વતીજી સાથે એકલતામાં વાત કરી શકાય અને એક દિવસ એવો સમય આવ્યો. તે દિવસે અંતર્યામી શિવજી, પરમાત્માનું ધ્યાન ધરતા કોઈ ગુફામાં હતા અને પાર્વતીજી એકલા બેઠાં હતાં. બસ નારદજીને આ જ તક જોઈતી હતી. તેઓ પાર્વતીજી પાસે ગયા અને પૂછ્યું કે ભગવાન શિવજી ક્યાં ગયા છે? ત્યારે પાર્વતીજીએ કહ્યું કે તેઓ ધ્યાન ધરવા ગયા છે પરંતુ આપ પધારો અને આપના આવવાનું પ્રયોજન શું છે તે જણાવો. ત્યારે કુશાગ્ર બુદ્ધિવાળા નારદજીએ નારાયણ - નારાયણ ના ઉચ્ચારણ પછી પાર્વતીજીને જણાવ્યું કે તેઓ તો શિવજી પાસે અમરકથા સાંભળવા માટે આવ્યા હતા. ત્યારે પાર્વતીજીને આશ્ચર્ય થયું અને તેમણે નારદજીને પૂછ્યું કે આ અમરકથા શું છે? તેનાથી શું લાભ થાય? મહાદેવજીએ તો મને ક્યારે પણ આ કથા સંભળાવી નથી.

ત્યારે ચતુર નારદજીએ સમજાવ્યું કે આ કથા એટલે ગુપ્તમાં ગુપ્ત અમરજ્ઞાન. આ કથા સાંભળવાથી અમર થઈ જવાય છે અને આ કથા માત્ર શિવજી જ જાણે છે અને સંભળાવી શકે છે. ભગવાન શિવ દરેક જણને આ કથા નથી સંભળાવતા પરંતુ તેઓ જેમને સહુથી વધુ પ્રેમ કરે છે માત્ર તેમને જ આ કથા સંભળાવે છે.

નારદજી તો પોતાની અદા પ્રમાણે નારાયણ નારાયણ કરતા ત્યાંથી રવાના થઈ ગયા પરંતુ પાર્વતીના મનમાં એ બીજ રોપતા ગયા કે શું શિવજી મને સહુથી અધિક પ્રેમ નથી કરતા? અને જો કરતા હોય તો પછી આજ દિન સુધી મને આ કથા સંભળાવી કેમ નથી? આ કથામાં એવું તે શું રહસ્ય છે? આ કથા શિવજીએ કોને કોને સંભળાવી છે?

પાર્વતીજીના મનમાં નારદજીની વાત પછી ઘેરા પ્રત્યાઘાત પડ્યા અને હવે તેઓ શિવજી પાસે અમરકથા સાંભળવા માટે આતુર થઇ ગયાં અને યોગ્ય સમયની રાહ જોવા માંડ્યાં. (ક્રમશઃ)

---

# નાનકડું ફૂલ

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

કલકત્તા રેલવે સ્ટેશન પર ઊતરતાની સાથે જ જ્યોત મંડલે કહ્યું કે આપણે સીધા જ ‘પાયરાચાલિ’ જવું પડશે. જે વાયવ્ય બંગાળમાં ઝારખંડના સીમાડે શીલબતી (ગુજરાતીમાં શીલવંતી) નદીના કાંઠા પર આવેલ છે. ત્યાં અંગન દાસ વૈરાગી બાઉલને મળવાનું છે.

ટેક્સીમાં બેઠા પછી વિશેષ વાત કરી કે અંગનદાસને ‘બંગભૂષણ અવોર્ડ’ માટે મનાવવા જવાનું કામ આપણા ઉપર આવ્યું છે. અંગનદાસે સરકારી પ્રતિનિધિઓને તો આ અવોર્ડ સ્વીકારવા માટે સાફ ઈન્કાર કરી દીધો છે.

થકવી દેનારી મુસાફરી પછી, શીલવંતી નદીના કાંઠા પર પહોંચ્યા, નદી ખરેખર નામ પ્રમાણે જ ગુણ ધરાવનાર શાંત અને રમ્ય ઘોષા છે. અમે નદીને સમાંતર થોડી યાત્રા કરી, આશ્રમે પહોંચ્યા. અંગનદાસના ગુરુ ઈચ્છુદાસ અમારા મિત્ર હતા. તેથી 10 વર્ષથી તેની સાથે ખૂબ જ અંગત સંબંધ હતો. તે સંબંધના દાવે જ અમે તેને આ અવોર્ડ સ્વીકારવા વિનંતી કરવા આવ્યા હતા.

સ્નાન આદિ નિત્ય કર્મથી પરવરી અમે તેની પાસે બેઠા. અમે તેને આ સન્માન સ્વીકારવા માટે સમજાવ્યું.

તેમણે કંઈ જવાબ ન આપ્યો. પણ હસતા હસતા અમને ફળની ટોપલીમાંથી કેરી કાઢીને આપી અને કહ્યું કે ખૂબ જ મીઠી લાગશે, ચાખો! અમે કેરી ખાધી.



પછી તે બોલ્યા, ‘‘ઋતુમાં એક વખત આવે છે ને તેથી તે મીઠી લાગે છે! બારેમાસ આવતી હોત તો તે પણ બટેટાની સાથે ગણાઈ જાત!’’ અમે તેની સામે જોઈ રહ્યા. અંગનદાસે કહ્યું, ‘‘બાઉલતત્ત્વનું પાતળું જે ઝરણું લાધ્યું છે, તે આ ઈનામ- સન્માનની રેતીમાં ક્યાંક ઊંડે ઊતરી જાય નહીં તે મારે સતત જોવાનું છે!’’ તે બધી જંજાળ છોડીને એટલે જ તો ગુરુદેવના દેહ વિલય પછી 300 કિલોમીટર દૂર, સાવ જંગલમાં આવીને પડ્યો છું! તમે ફરીથી મને પાછો તે યાતનાઓમાં ક્યાં ધકેલો છો?’’ તેની દલીલો સાંભળી જ્યોત બંડલ બોલ્યો, ‘‘ખરો બૈરાગી બાઉલ છો!’’

બાઉલે હસીને કહ્યું, ‘‘ના, ના, એવું કરનારો કંઈ હું પહેલો નથી! આ બાઉલતત્ત્વને જાણનારા બધા બાઉલોની આ જ તો રામ કહાણી હોય છે!’’

પછી મારી સામે જોઈ અને પૂછ્યું, ‘‘તમે સુધાકર ડે બાઉલનું નામ સાંભળ્યું છે?’’

જ્યોત મંડલ ‘હા’ કહી બાંગ્લાદેશના તે બાઉલ વિશે વિશેષ વાત કરવા માગતો હતો પણ મેં હળવેથી તેનો હાથ દાબી અને રોક્યો. મારો અનુભવ છે કે બાઉલ પાસે ‘જ્ઞાન ગરીબીનું શકોરું’ વધુ કામ લાગે.

બાઉલ આગળ બોલ્યો, ‘‘સુધાકર બાઉલ બાંગ્લાદેશના વિખ્યાત બાઉલ છે. તે બાઉલ તત્ત્વને સળંગ પામી ગયેલા છે. તેમને બાંગ્લાદેશ સરકારે 2011માં ‘એકૂશે પદકથી નવાજવા માટે નક્કી કર્યું. તેમણે ઈનકાર કર્યો. તો તેમના પર ચોતરફથી ખૂબ દબાણ કર્યું. તે વખતના પ્રમુખ ઝિલુર રહેમાને જ્યારે તેમને અંગત વિનંતી કરી, ખાસ દૂત તેમની પાસે મોકલ્યો ત્યારે તેમણે પ્રમુખનો આભાર માની, દૂત સાથે આ ગીત રેકોર્ડ કરી અને મોકલ્યું અને વિનંતી કરી કે પ્રમુખને મારું આ ગીત સંભળાવજો!’’

અમે પૂછ્યું, ‘‘એ કયું ગીત?’’

અંગનદાસ બાઉલ બોલ્યા, ‘‘સાંભળવું છે?’’

ઓરે ભાઈ, ઓરે ભાઈ, ઓરે ભાઈ!

આમિ બાગાને એકટુ ફુલ હતે ચાઈ!

આ ગીતનો સાર છે, અરે ભાઈ! અમે બગીચામાં નાનકડું ફૂલ જ બની અને રહેવા માગીએ છીએ! અમારે સહસ્ત્રદલ નથી થવું. જો તેમ થઈશ તો કોઈ પ્રભુના સ્વરૂપના શિર પર ચડી જઈશ! કે તેમના ગળાની માળામાં ગુમ થઈ જઈશ! મને મારા બાગનો વિયોગ થશે, ભાઈ! મારે તો બગીચામાં નાનકડું ફૂલ જ રહેવું છે. એવું થોડું છે કે ભમરો સહસ્ત્રદલ બનીએ તો જ પાસે આવે? જો ઢગલો એક રંગ હોય તો જ નજીક ફરકે? ભમરો તો ‘ઘ્રાણેર પિયાસી રસેર ભોગી’ (સુગંધનો પ્યાસી, રસનો ભોગી) તે તો ગંધ જોઈ અને મત્ત થાય. રસ પીને ઉન્મત્ત થાય! કદાચ હું જો હાર બનીને પ્રભુના માથે બિરાજું તો જ્યારે તે બગીચામાં આવે ત્યારે તે મને જોયા વિના હતાશ થઈ જાય! તેથી મારે તો બગીચામાં નાનકડું ફૂલ જ બનીને રહેવું છે!

ગીત પૂરું કરી, ગોપીયંત્ર સંકેલી, અંગનદાસ બોલ્યા, ‘‘પછી સુધાકર બાઉલને બદલે તે વર્ષે એકુસે પદક જાત્રાના ગાયકા જ્યોત્સના વિશ્વાસને અપાયો હતો. ’’ પછી ઊભા થતા થતા બાઉલ બોલ્યો,

**અમે બગીચામાં નાનકડું ફૂલ જ બની અને રહેવા માગીએ છીએ! અમારે સહસ્ત્રદલ નથી થવું. જો તેમ થઈશ તો કોઈ પ્રભુના સ્વરૂપના શિર પર ચડી જઈશ કે તેમના ગળાની માળામાં ગુમ થઈ જઈશ! મને મારા બાગનો વિયોગ થશે, ભાઈ! મારે તો બગીચામાં નાનકડું ફૂલ જ રહેવું છે**

‘‘ચાલો, આપણે પ્રસાદ લઈ લઈએ!’’

મેં જ્યોત મંડલને કહ્યું, ‘‘જ્યોત! તેમણે જે વાત અને ગીતનો પ્રસાદ આપ્યો તેની સામે ભોજન કદાચ સ્વાદિષ્ટ હશે તો પણ ફિક્કું લાગશે! ખરેખરો વૈરાગી બાઉલ છે.’’

અમે અંગનદાસને સમજાવવામાં નિષ્ફળ રહ્યા પરંતુ અંગનદાસે અમને સમજાવી દીધા!